અપીલ અરજી નં.૪૦૭ તા.૧૯–૧૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)
ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૧૦–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન, વેસ્ટ(રાંદેર) ઝોન તેમ બન્ને ઝોન વિસ્તારના પરવાનગી વગરના, માર્જીનની જગ્યામાં કે અન્ય કોઈ સરકારી જગ્યામાં ઉભાં થયેલ કે થઈ રહેલ ગેરકાયદેસર બાંધકામો તથા બાંધકામ ધારકો તથા સર્વે નં., બ્લોક નં., ફા.પ્લોટ નં. તેમજ કરાયેલ દબાણ અને બાંધકામના ક્ષેત્રફળ સહિતની સંપૂર્ણ માહિતી મુદ્દા નં.૨ ઉપરોકત બાંધકામ ધારકોને ઘી બી.પી.એમ.સી.એકટ મુજબ જો કારણદર્શક નોટિસ આપેલ હોય તો તેની સમયમર્યાદા તેમજ ત્યારબાદ આજસુધી થયેલ કાર્યવાહીની નકલ સહિતની સંપૂર્ણ માહિતિ. મુદ્દા નં.૩ દબાણ રજીસ્ટરે (રેકર્ડ ઉપર) ન ચઢાવેલ ગેરકાયદેસર બાંધકામો (દબાણો) તથા દબાણધારકો તથા સર્વે નંબર, બ્લોક નંબર, ફા.પ્લોટ નંબર તેમજ કરાયેલ દબાણઅને બાંધકામના ક્ષેત્રફળ સહિતની સંપૂણ માહિતિ. મુદ્દા નં.(૪) ઉપરોકત ત્રણેય મુદ્દાઓમાં કાર્યવાહી ન થયેલ હોય તો તે કાર્યવાહી જે અધિકારીને કરવાની થતી હોય તેવા જુની.ઈજનેર, આસી.ઈજનેર અને ડે.ઈજનેરનાં નામ સહિતની સંપૂર્ણ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૯–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૦૭/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૧૦–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન, વેસ્ટ(રાંદેર) ઝોન તેમ બન્ને ઝોન વિસ્તારના પરવાનગી વગરના, માર્જીનની જગ્યામાં કે અન્ય કોઈ સરકારી જગ્યામાં ઉભાં થયેલ કે થઈ રહેલ ગેરકાયદેસર બાંધકામો તથા બાંધકામ ધારકો તથા સર્વે નં., બ્લોક નં., ફા.પ્લોટ નં. તેમજ કરાયેલ દબાણ અને બાંધકામના ક્ષેત્રફળ સહિતની સંપૂર્ણ માહિતી વિ. મુદ્દા નં.(૧)થી (૪)ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)ના પત્ર નં. સા.વે.ઝોન(અઠવા) / આરટીઆઈ/ આ.નં./ ૯૦૫–૯૦૬ તા.૮–૧૧–૧૧ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૯–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તેમજ અરજદારને નાંણા ભરવાનો પત્ર કઈ તારીખે રવાના કર્યો ? કયા માધ્યમથી ? તારીખના આધાર પુરાવા સહ વિગતો મોકલવા** પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૧૫૧ તા. ૨૪–૧૧–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), ડે. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતિ અધિકારી રાંદેર ઝોનના પત્ર નં. વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/ ૮૦૯ તા.૩–૧૨–૧૧ થી જાહેર માહિતી અધિકારી અઠવા ઝોને પત્ર નં.સા.વે.(અઠવા) ઝોન /આરટીઆઈ/આ.૯૦૬ તા.૮–૧૧–૧૧ થી તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં.વેસ્ટઝોન /આરટીઆઈ સેલ/૭૯૦ તા.૨૮–૧૧–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.(અઠવા)ઝોન/ આરટીઆઈ/આ.૯૯૫ તા.૮–૧૨–૧૧ થી નોંધ વિભાગ, નમુનો–જ ની નકલ, ફીભર્યાની વિગત, અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને પત્ર નં.સા.વે.(અઠવા)ઝોન /આરટીઆઈ/આ.૯૦૬ તા.૮–૧૧–૧૧ થી અઘટિત વિલંબથી તબદીલ કરેલ પત્રની નકલ, પહોંચની નકલ, નોંધ વિભાગ, અરજદાર ને પત્ર નં.સા.વે.(અઠવા) ઝોન/આરટીઆઈ/આ.૯૦૫ તા.૮–૧૧–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, પહોંચની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૦–૧૦–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતિ માંગતી અરજી જાહેર માહિતિ અધિકારી અઠવા ઝોન ખાતે કરવામાં આવેલ. જે પત્ર નં. સા.વે.(અઠવા)ઝોન/આરટીઆઈ/આ.૯૦૬ તા.૮–૧૧–૧૧ થી જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને આંશિક માહિતિ માટે તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)ના પત્ર નં. સા.વે.ઝોન(અઠવા) / આરટીઆઈ/ આ.નં./ ૯૦૫–૯૦૬ તા. ૮–૧૧–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા. ૧૯–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ. જેમાં અરજદારના અરજીના મુદ્દા નં.(૧) સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન, વેસ્ટ(રાંદેર) ઝોન તેમ બન્ને ઝોન વિસ્તારના પરવાનગી વગરના, માર્જીનની જગ્યામાં કે અન્ય કોઈ સરકારી જગ્યામાં ઉભાં થયેલ કે થઈ રહેલ ગેરકાયદેસર બાંધકામો તથા બાંધકામ ધારકો તથા સર્વે નં., બ્લોક નં., ફા.પ્લોટ નં. તેમજ કરાયેલ દબાણ અને બાંધકામના ક્ષેત્રફળ સહિતની સંપૂર્ણ માહિતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તરફથી વેસ્ટઝોન (રાંદેર) વિસ્તારના પરવાનગીવગરના માર્જીનની જગ્યામાં કે અન્ય કોઈ સરકારી જગ્યામાં ઉભાં થયેલ કે થઈ રહેલ ગેરકાયદેસર બાંધકામો તથા બાંધકામ ધારકો તથા સર્વે નં., બ્લોક નં., ફા.પ્લોટ નં. તેમજ કરાયેલ દબાણ અને બાંધકામના ક્ષેત્રફળ સહિતની સંપૂર્ણ વિગતવાર માહિતી બાબતે રાંદેર ઝોન કચેરીએ દફતરી ઈન્સ્પેકશન કરવા માટે ૯–૧૨–૧૧ ના રોજ સવારે ૧૧–૦૦ કલાકે પશ્ચિમઝોન (રાંદેર) કચેરીનાં સેકશન ઓફિસરશ્રી (ટેકનીકલ) સમક્ષ

હાજર રહેવા વિનંતી છે. ઝોન કચેરીએ ઉપલબ્ધ ઉકત વિગતોનું દફતરી ઈન્સ્પેકશન પ્રથમ અડધા કલાક વિનામુલ્યે અને ત્યારબાદ દર અડધા કલાકનાં રૂા.૨૦/– લેખે મુકરર કરવામાં આવેલ ફી ભરપાઈ કર્યેથી પુરુ પાડવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૨ ઉપરોકત બાંધકામ ધારકોને ધી બી.પી.એમ.સી.એકટ મુજબ જો કારણદર્શક નોટિસ આપેલ હોય તો તેની સમયમર્યાદા તેમજ ત્યારબાદ આજસુધી થયેલ કાર્યવાહીની નકલ સહિતની સંપૂર્ણ માહિતિ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તરફથી રાંદેર ઝોનની કચેરીએ દફતરી ઈન્સ્પેકશન કરવા માટે તા.૯–૧૨–૧૧ ના રોજ સવારે ૧૧–૦૦ કલાકે પશ્ચિમઝોન (રાંદેર) કચેરીનાં સેકશન ઓફિસરશ્રી (ટેકનીકલ) સમક્ષ હાજર રહેવા વિનંતી છે. ઝોન કચેરીએ ઉપલબ્ધ ઉકત વિગતોનું દફતરી ઈન્સ્પેકશન પ્રથમ અડધા કલાક વિનામુલ્યે અને ત્યારબાદ દર અડધા કલાકનાં રૂા.૨૦/– લેખે મુકરર કરવામાં આવેલ ફી ભરપાઈ કર્યેથી પુરુ પાડવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી. તેવુ તેમના પત્ર નં.૭૯૦ તા.૨૮–૧૧–૧૧ થી નિયત સમય અવધિ બાદ જણાવેલ. જયારે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી મુદ્દા નં.૧ અને ૨ ના સંયુકત જવાબમાં સાઉથ વેસ્ટ (અઠવાઝોન) વિસ્તારમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ અંગે તેમજ થયેલ કામગીરીની વિગતોની નકલ અંગે રૂા.૩૩૨/– (અંકે રૂપિયા કુલ ત્રણસો બત્રીસ પૂરા) સા.વે.ઝોન અઠવાની કચેરીનાં સમય દરમ્યાન ભરપાઈ કર્યેથી આપ નોટીસની નકલ મેળવી શકો છો. તેમજ મિલ્કતનાં બાંધકામ અંગે નોટીસમાં સમય–મર્યાદા દર્શાવેલ છે. તેવું જણાવેલ. મુદ્દા નં.૩ દબાણ રજીસ્ટરે (રેકર્ડ ઉપર) ન ચઢાવેલ ગેરકાયદેસર બાંધકામો (દબાણો) તથા દબાણધારકો તથા સર્વે નંબર, બ્લોક નંબર, ફા. પ્લોટ નંબર તેમજ કરાયેલ દબાણ અને બાંધકામના ક્ષેત્રફળ સહિતની સંપૂણ માહિતિ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તરફથી રાંદેર ઝોનની કચેરીના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા, સદર માહિતિ અત્રે ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ .જયારે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અઠવાઝોનનાં રેકર્ડ તપાસતાં આ અંગે કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ. મુદ્દા નં.(૪) ઉપરોકત ત્રણેય મુદ્દાઓમાં કાર્યવાહી ન થયેલ હોય તો તે કાર્યવાહી જે અધિકારીને કરવાની થતી હોય તેવા જુની.ઈજનેર, આસી.ઈજનેર અને ડે.ઈજનેરનાં નામ સહિતની સંપૂર્ણ માહિતી આપવા. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તરફથી ઉપર જણાવ્યા મુજબ આપના ધ્વારા ઈન્સ્પેકશન થયેથી આપની જરૂરીયાત મુજબ રાંદેરઝોન તરફથી માહિતી પુરી પાડી શકાશે. તેવું જણાવેલ. જયારે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અઠવાઝોનનાં રેકર્ડ તપાસતાં આ અંગે કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ. અરજદારે અપીલ અરજી દરમ્યાન જાહેર માહિતી અધિકારી અઠવા ઝોન ધ્વારા સમયમર્યાદામાં કોઈ પત્યુત્તર પાઠવેલ નથી તેમજ સમયમર્યાદામાં રાંદેર ઝોનને તબદીલ પણ કરેલ ન હોવાનું જણાવેલ. તથા સમય મર્યાદા બાદ પ્રત્યુત્તર પાઠવેલ તેમ છતાં દસ્તાવેજી ફી રૂા.૩૩૨/– ભરવા જણાવેલ. સદર પત્ર બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી મોકલાયેલ માહિતી પત્રનં. ૯૦૫ તા.૮–૧૧–૧૧ ની એકનોલેજમેન્ટ પહોંચ પર જણાવેલ છે. જે માહિતી પુરી પાડવા અંગેનો છેલ્લા દિવસે નાણાં ભરવા માટે રવાના રવાના કરેલ છે અને પોસ્ટ ધ્વારા તા.૧૧–૧૧–૧૧ ના રોજ સ્વીકારાયેલ છે. અને તેવી જ રીતે જાહેર માહિતી અધિકારી તરફથી સા.વે ઝોન અઠવા ના પત્ર નં.૯૦૬ તા.૮–૧૧–૧૧ થી ઘણાં વિલંબથી જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને તબદીલ કરવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૦–૧૦–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી સમયઅવધિ બાદ પત્ર પાઠવવામાં આવેલ હોવાથી આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિનામુલ્યે અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પુરી પાડવા તથા સમય અવધિ બાદ વિલંબથી કરેલ તબદીલી અંગે કાળજી લેવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે. "

" તેવી જ રીતે દિન–૩૦ ની અવધિબાદ અરજદારને તપાસણી માટે પાઠવેલ પત્રના અનુસંધાને અરજદારે માંગેલ રાંદેર ઝોનને લગતી માહિતિ પણ આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન), ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન). .....જાણ તથા અમલ માટે

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ